વિધાનસભામાં વંદે માતરમ્ ગાવા મુદ્દે વિવાદ વકર્યો

વંદે માતરમ્ મુદ્દે ખેડાવાલા સામે કાર્યવાહી કરો: હર્ષ સંઘવી

'ખેડાવાલા માત્ર મહોરું, પાછળ કોંગ્રેસ નેતૃત્વની માનસિકતા' : સંઘવીનો આકરો પ્રહાર

કોંગ્રેસે પણ હાથ ખંખેર્યા : 'ખેડાવાલાનો વ્યક્તિગત નિર્ણય'; અધ્યક્ષ શંકર ચૌધરીનું રૂલિંગ અનામત

ગાંધીનગરઃ ગુજરાત વિધાનસભામાં 'વંદે માતરમ્'ના ગાન દરમિયાન કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા ઊભા ન રહેવાના મુદ્દે આજે ભારે રાજકીય ધમાસાણ સર્જાયું હતું. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી ખેડાવાલા સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરતાં આ ઘટનાને માત્ર એક ધારાસભ્યના વર્તનનો નહીં, પરંતુ આયોજનપૂર્વકના રાજકીય પ્રયાસનો મુદ્દો ગણાવ્યો હતો.

સંઘવીએ સમગ્ર ઘટનાના વીડિયો રેકોર્ડિંગની ઝીણવટભરી તપાસ કરાવી મામલો વિશેષાધિકાર સમિતિ અથવા એથિક્સ કમિટી સમક્ષ મોકલવાની માંગ કરી હતી. દરમિયાન અધ્યક્ષ શંકર ચૌધરીએ મામલાની ગંભીરતા ધ્યાને લઈ પોતાનું રૂલિંગ અનામત રાખ્યું હતું.

હર્ષ સંઘવીએ આકરો પ્રહાર કરતાં કહ્યું હતું કે ઈમરાન ખેડાવાલા માત્ર 'મહોરું' છે અને આ ઘટનાની પાછળ કોંગ્રેસ નેતૃત્વની માનસિકતા છે. સત્રના આગલા દિવસે બેઠક બોલાવીને વિરોધ કરાવવાનું આયોજન થયું હોવાનો પણ તેમણે આક્ષેપ કર્યો હતો.

ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા આવી રાજનીતિ કરવામાં આવે તો યુવાનોમાં ખોટો સંદેશ જાય છે તેમ કહી તેમણે ખેડાવાલાના વર્તનની સખત ટીકા કરી હતી. સિનિયર કેબિનેટ મંત્રી જીતુ વાઘાણીએ પણ ખેડાવાલા સામે આકરા પગલાં ભરવાની માગ કરી હતી. બીજી તરફ, કોંગ્રેસના સિનિયર સભ્યો અમિત ચાવડા અને શૈલેષ પરમારે સ્પષ્ટ કર્યું હતું કે ખેડાવાલાએ જે કર્યું તેની સાથે કોંગ્રેસને કોઈ લેવાદેવા નથી અને વંદે માતરમ્ દરમિયાન બેસી જવાનો નિર્ણય તેમનો વ્યક્તિગત હતો. કોંગ્રેસ તરફથી કોઈ સૂચના આપવામાં આવી ન હોવાનું જણાવતાં નેતાઓએ એમ પણ કહ્યું હતું કે કોઈ અંતિમ નિર્ણય લેતા પહેલાં ખેડાવાલાને સાંભળવા જોઈએ. દરમિયાન ઈમરાન ખેડાવાલાએ પોતાનો બચાવ કરતાં જણાવ્યું હતું કે ગીત શરૂ થયું ત્યારે તેઓ ઊભા રહ્યા હતા અને ૧૯૩૭ના આમુખ મુજબની કડીઓ સુધી સન્માનપૂર્વક ઊભા રહ્યા બાદ બેઠા હતા. આ તેમનો અંગત નિર્ણય હોવાનું જણાવતાં તેમણે માફી માગવાનો ઇનકાર કર્યો હતો. હવે સમગ્ર મામલે અધ્યક્ષ શંકર ચૌધરીના રૂલિંગ પર સૌની નજર મંડાઈ છે.

સુરત-જૂનાગઢમાં 48,165 રત્નકલાકારને સહાય ચૂકવાઈ

સુરતમાં 74,271 અને જૂનાગઢમાં 2,982 અરજીઓ મળી, 28,115 અરજીઓ નામંજૂર

એકપણ ઔદ્યોગિક એકમ દ્વારા અરજી કરવામાં આવી નથી

ગાંધીનગરઃ હીરા ઉદ્યોગમાં મંદીની અસરથી મુશ્કેલીમાં મુકાયેલા રત્નકલાકારોને રાહત આપવા રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલા સહાય પેકેજ હેઠળ સુરત અને જૂનાગઢ જિલ્લામાં મોટી સંખ્યામાં અરજીઓ પ્રાપ્ત થઈ છે. તા. 31 ડિસેમ્બર, 2025ની સ્થિતિએ બંને જિલ્લામાં કુલ 77,253 રત્નકલાકારોની અરજીઓ મળી હતી. તેમાંથી 48,165 અરજીઓમાં સહાય ચૂકવવામાં આવી છે, જ્યારે 28,115 અરજીઓ નામંજૂર કરવામાં આવી છે.

સરકારએ રજુ કરેલા આંકડા પ્રમાણે સુરત જિલ્લામાં રત્નકલાકારો પાસેથી કુલ 74,271 અરજીઓ પ્રાપ્ત થઈ હતી. તેમાંથી 26,746 અરજીઓ નામંજૂર કરવામાં આવી છે, જ્યારે મંજૂર અરજીઓ પૈકી 47,525 રત્નકલાકારોને સહાય ચૂકવવામાં આવી છે. જ્યારે જૂનાગઢ જિલ્લામાં કુલ 2,982 અરજીઓ પ્રાપ્ત થઈ હતી. તેમાંથી 1,369 અરજીઓ નામંજૂર કરવામાં આવી છે અને મંજૂર થયેલી અરજીઓ પૈકી 640 અરજીઓમાં સહાય ચૂકવવામાં આવી છે.

આંકડાઓની ખાસ બાબત એ છે કે સુરત અને જૂનાગઢ બંને જિલ્લામાં સહાય પેકેજ હેઠળ હીરા ઉદ્યોગના એકમો તરફથી એકપણ અરજી પ્રાપ્ત થઈ નથી. સમગ્ર 77,253 અરજીઓ રત્નકલાકારો તરફથી જ પ્રાપ્ત થઈ છે.

વિધાનસભા, કોર્ટ અને શાળાને બોમ્બથી ઉડાડી દેવાની અફવા

■ ગાંધીનગર વિધાનસભા, ગાંધીનગર કોર્ટ અને અમદાવાદની જાણીતી ત્રણ શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યા ઈ-મેલ મળતાં રાજ્યમાં સુરક્ષા તંત્ર એલર્ટ થયું હતું. એકસાથે અનેક સ્થળોને ધમકી મળતાં પોલીસ અને સુરક્ષા એજન્સીઓ દ્વારા સઘન તપાસ હાથ ધરવામાં આવી છે. જોકે, અમદાવાદની શાળાઓ તેમજ ગાંધીનગર વિધાનસભામાં તપાસ દરમિયાન કોઈ શંકાસ્પદ કે વાંધાજનક વસ્તુ મળી ન આવતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

જમીનનો સાચો વેચાણ દસ્તાવેજ હશે તો હવે એ જ દિવસે નોંધ પ્રમાણિત થશે

ખેડૂતો-ખરીદનારાઓને રાહત; બોગસ વાંધા અને બિનજરૂરી અરજીઓથી હેરાન કરતાં તત્ત્વો સામે રસ્તા બંધ

અદાલત-ટ્રિબ્યુનલના હુકમથી થતી ફેરફાર નોંધ પણ નોટિસ વિના તુરંત પ્રમાણિત થશે

ગાંધીનગરઃ ખેતીની જમીનના સાચા અને સ્પષ્ટ રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની નોંધ પ્રમાણિત કરાવવા માટે ખેડૂતો અને સામાન્ય નાગરિકોને હવે દિવસો સુધી સરકારી કચેરીના ધક્કા નહીં ખાવા પડે. તમામ ખાતેદારોની સંમતિ હોય, અગાઉથી કોઈ વિવાદ ન હોય અને વેચાણ દસ્તાવેજ કાયદેસર તથા સ્પષ્ટ હોય તો તેની નોંધ એ જ દિવસે પાડીને પ્રમાણિત કરવાની જોગવાઈ કરતું 'ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક, ૨૦૨૬' વિધાનસભામાં વિના વિરોધે પસાર કરવામાં આવ્યું છે.

વિધેયક પરની ચર્ચાનો જવાબ આપતા મહેસૂલ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે સુધારા હેઠળ 'સેમ ડે સર્ટિફિકેશન'ની જોગવાઈ કરવામાં આવી છે. એટલે કે, હકની જમીનનો સાચો અને સ્પષ્ટ રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ હોય, તમામ ખાતેદારોની સંમતિ હોય અને અગાઉથી કોઈ વિવાદ ન હોય તો નોંધ પાડીને તે જ દિવસે પ્રમાણિત કરવાની રહેશે. આથી ખેડૂતો અને ખરીદનારાઓનો સમય અને શક્તિ બચશે. આ ઉપરાંત, સક્ષમ સત્તાધિકારી, અદાલત અથવા ટ્રિબ્યુનલના આદેશ કે હુકમના આધારે થતી ફેરફાર નોંધ માટે પણ મહત્વપૂર્ણ જોગવાઈ કરાઈ છે. આવા હુકમ પ્રાપ્ત થતાં કોઈ અલગ નોટિસ આપ્યા વિના તાત્કાલિક નોંધ પાડી તેને પ્રમાણિત કરી શકાશે. રાજ્ય સરકારે આ પ્રજાલક્ષી નીતિનો અમલ તાત્કાલિક શરૂ કરવા વટહુકમ બહાર પાડ્યો હતો, જેને હવે વિધાનસભામાં વિધેયક પસાર કરીને કાયદાકીય સ્વરૂપ આપવામાં આવ્યું છે. ઈ-ધરા જેવા ડિજિટલ માધ્યમોથી જમીન વહીવટમાં પારદર્શિતા લાવ્યા બાદ હવે આ કાયદાકીય સુધારાથી વચેટિયાઓ અને નાગરિકોને બિનજરૂરી હેરાન કરતા તત્વો સામે પણ અંકુશ લાવવાનો પ્રયાસ થયો છે. મહેસૂલ મંત્રીએ જણાવ્યું હતું કે, સુધારાનો હેતુ કાયદેસર હક ધરાવતા 'જેન્યુઇન બાયર'ને ઝડપથી લાભ આપવાનો છે. અન્ય લાગુ કાયદાની જોગવાઈઓને આધીન રહીને નોંધ પ્રમાણિત કરવાની પ્રક્રિયા ઝડપી બનશે.

આ સુધારાથી ખેડૂતો, મધ્યમ વર્ગ અને રોકાણકારો માટે 'ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ' અને 'ઈઝ ઓફ લિવિંગ'ને વેગ મળવાની સાથે વહીવટી પારદર્શિતા વધશે અને ભ્રષ્ટાચાર પર લગામ લાગશે. વિધેયકને સત્તાપક્ષ કે વિપક્ષના કોઈ વિરોધ વિના વિધાનસભામાં સર્વસંમતિથી પસાર કરવામાં આવ્યું હતું.

વિધાનસભામાં પશુઆહાર-મરઘાં ચણના ગુણવત્તા નિયંત્રણનું વિધેયક પસાર

પશુઆહારમાં ભેળસેળ કરશો તો 10 લાખ દંડ અને 10 વર્ષની જેલ

નિમ્ન કક્ષાના આહાર માટે રૂ.૫ લાખ સુધી દંડ

ભ્રામક બ્રાન્ડિંગ બદલ ત્રણ વર્ષ સુધી લાઇસન્સ મોકૂફ

ભેળસેળથી પશુનું મૃત્યુ થાય તો લાઇસન્સ રદ

ગાંધીનગરઃ ગુજરાતમાં પશુધન માટેના આહારની ગુણવત્તા સાથે ચેડાં કરનારાઓ સામે હવે કડક કાયદાકીય કાર્યવાહી થશે. પશુઆહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણના ઉત્પાદનથી માંડીને સંગ્રહ, વિતરણ અને વેચાણ સુધીની સમગ્ર પ્રક્રિયાને નિયમન હેઠળ લાવતું 'ગુજરાત પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણ (ઉત્પાદન, સંગ્રહ, વિતરણ, વેચાણ અને ગુણવત્તા નિયંત્રણનું નિયમન) વિધેયક-૨૦૨૬' વિધાનસભામાં સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું છે. નવા કાયદા હેઠળ ભેળસેળયુક્ત આહારથી પશુનું મૃત્યુ થાય તો લાયસન્સ રદ કરવાની સાથે ૭થી ૧૦ વર્ષની જેલ અને રૂ.૧૦ લાખ સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી છે.

પશુપાલન મંત્રી જીતુ વાઘાણીએ વિધેયક રજૂ કરતાં જણાવ્યું હતું કે, રાજ્યના ૧૦૬ લાખથી વધુ ભેંસો, ૯૬ લાખથી વધુ ગાયો તેમજ ઘેટાં-બકરાં અને મરઘાં સહિતના બહોળા પશુધનના આરોગ્યનું રક્ષણ અને દૂધ ઉત્પાદકતામાં વધારો કરવો આ કાયદાનો મુખ્ય ઉદ્દેશ છે. આ કાયદો વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની 'વન હેલ્થ'ની વિચારધારા પર આધારિત હોવાનું તેમણે જણાવ્યું હતું. નવા કાયદા હેઠળ પશુધન આહાર, મરઘાં-ચણ અને ખનિજ મિશ્રણના ઉત્પાદન, સંગ્રહ અને વેચાણ માટે લાયસન્સ ફરજિયાત બનાવાયું છે. ઉત્પાદકોએ ભારતીય માનક બ્યુરો તથા ઇન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચરલ રિસર્ચ દ્વારા નક્કી કરાયેલા ધોરણોનું પાલન કરવું પડશે. પશુઆહારના નમૂનાઓનું સમયાંતરે પૃથક્કરણ અને પરીક્ષણ થશે, જ્યારે પેકેજિંગ અને લેબલિંગ માટે પણ નિયમો નક્કી કરાયા છે, જેથી ભ્રામક જાહેરાતો અને ગેરમાર્ગે દોરતા બ્રાન્ડિંગ પર અંકુશ આવી શકે.

નિમ્ન કક્ષાનો આહાર બનાવનાર સામે રૂ.૫ લાખ સુધીનો દંડ અને એક વર્ષ સુધી લાયસન્સ મોકૂફ રાખવાની જોગવાઈ છે. ભ્રામક બ્રાન્ડિંગ બદલ રૂ.૫ લાખ સુધીનો દંડ અને ત્રણ વર્ષ સુધી લાયસન્સ મોકૂફ થઈ શકે છે. ભેળસેળયુક્ત આહારના કિસ્સામાં, જો પશુનું મૃત્યુ ન થાય તો લાયસન્સ તાત્કાલિક રદ કરવા ઉપરાંત એક વર્ષની કેદ અને રૂ.૫ લાખ સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી છે.

કુડાસણ સ્લેબ દુર્ઘટનામાં ૨૦થી વધુ શ્રમિક ઈજાગ્રસ્ત, કોઈ જાનહાનિ નહીં

૨૦ શ્રમિકનો બચાવ થઈ ગયો, બેને રજા, બાકીના સારવાર હેઠળ

સલામતી અને બાંધકામની ગુણવત્તાની તપાસના આદેશ; ઉચ્ચ અધિકારીઓનું સ્થળ પર સતત મોનિટરિંગ

ગાંધીનગરઃ કુડાસણમાં 'બોસકી ધ એમ્પાયર'ના નિર્માણાધીન બિલ્ડિંગમાં સેન્ટિંગ દરમિયાન વિશાળ સ્લેબ ધરાશાયી થતાં ૨૦થી વધુ શ્રમિકો કાટમાળ નીચે દટાયા હતા, પરંતુ ફાયરબ્રિગેડ, મહાનગરપાલિકા અને આપત્તિ વ્યવસ્થાપન ટીમોની ઝડપી રેસ્ક્યુ કામગીરીથી તમામને જીવતા બહાર કાઢી લેવાતા ઝીરો કેજ્યુઅલ્ટી નોંધાઈ છે. ઈજાગ્રસ્તોમાંથી બે શ્રમિકોને સારવાર બાદ રજા આપવામાં આવી છે, જ્યારે અન્ય શ્રમિકોની ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

દુર્ઘટના બાદ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ ઘટનાસ્થળ તથા સિવિલ હોસ્પિટલની મુલાકાત લઈ સ્થિતિની સમીક્ષા કરી હતી. કાટમાળ નીચે દટાયેલા શ્રમિકોને ક્રેન અને આધુનિક સાધનોની મદદથી બહાર કાઢવામાં આવ્યા હતા. દરમિયાન બાંધકામ સ્થળે સલામતીના નિયમોનું પાલન થયું હતું કે કેમ તથા સ્લેબ ધરાશાયી થવા પાછળ બાંધકામની ગુણવત્તા કે અન્ય ક્ષતિ જવાબદાર છે કે કેમ તેની ઊંડાણપૂર્વક તપાસના આદેશ અપાયા છે.

સીએમ ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ટેલિફોન પર વાત કરી બચાવ કામગીરી અંગે માહિતી મેળવી હતી. દરમિયાન, દુર્ઘટનામાં એક માતા અને તેના નાના બાળકનો પણ સદનસીબે આબાદ બચાવ થયો હતો.

લઠ્ઠાકાંડ: કોંગ્રેસનું વિધાનસભા પરિસર માં વિરોધ પ્રદર્શન

એપ્રન પહેરીને આવેલા કોંગ્રેસના ધારાસભ્યોને પોલીસે રોકતાં ઘર્ષણ, ગૃહમંત્રીના રાજીનામાની માંગ સાથે સૂત્રોચ્ચાર

ગાંધીનગરઃ ભાવનગર લઠ્ઠાકાંડના મુદ્દે કોંગ્રેસના ધારાસભ્યોએ આજે વિધાનસભા પરિસરમાં અનોખી રીતે વિરોધ પ્રદર્શન કર્યું હતું. કોંગ્રેસના ધારાસભ્યો એપ્રન પહેરીને વિધાનસભા પરિસરમાં પહોંચ્યા હતા. આ દરમિયાન પોલીસે તેમને રોકતાં ધારાસભ્યો અને પોલીસ વચ્ચે ઘર્ષણ તથા ધક્કામુક્કીની સ્થિતિ સર્જાઈ હતી. વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરી, પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અને ધારાસભ્ય અમિત ચાવડા સહિત કોંગ્રેસના ધારાસભ્યોએ લઠ્ઠાકાંડ અને રાજ્યમાં કથળતી કાયદો-વ્યવસ્થાની સ્થિતિના મુદ્દે સરકાર સામે વિરોધ નોંધાવ્યો હતો. ધારાસભ્યોએ 'ડ્રગ્સ-દારૂ બંધ કરો, યુવાનોનું ભવિષ્ય બચાવો', 'નશો નહીં, રોજગાર આપો', 'લઠ્ઠાકાંડ માટે જવાબદાર ગૃહમંત્રી રાજીનામું આપો' સહિતના સૂત્રોચ્ચાર કર્યા હતા.

'પોલીસે ડ્રગ્સ-દારૂના નેટવર્ક સામે બહાદુરી બતાવવી જોઈએ'

પોલીસ દ્વારા ધારાસભ્યોને રોકવામાં આવતાં વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરીએ સરકાર અને પોલીસ તંત્ર પર આકરા પ્રહારો કરતા તેમણે જણાવ્યું હતુ કે ડ્રગ્સ અને દારૂના દૂષણને રોકવાને બદલે કોંગ્રેસના ધારાસભ્યોને અટકાવીને પોલીસ પોતાની બહાદુરી બતાવી રહી છે. પોલીસમાં હિમત હોય તો રાજ્યમાં મોટા પ્રમાણમાં આવી રહેલા ડ્રગ્સ સામે કાર્યવાહી કરવી જોઈએ. કન્ટેનરમાં દારૂ પકડાય છે છતાં તેની સામે પૂરતી કાર્યવાહી થતી નથી, જ્યારે લઠ્ઠાકાંડનો વિરોધ કરતા કોંગ્રેસના ધારાસભ્યો સામે પોલીસ કાર્યવાહી કરી રહી હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો.

'ઈઝ ઓફ ડૂઇંગ બિઝનેસ'ને વેગ આપતા GST સુધારા વિધાનસભામાં પસાર

GST: ૩ દિવસમાં નોંધણી, ૭ દિવસમાં ૯૦% રિફંડ

વેચાણ પછીના ડિસ્કાઉન્ટ પર કર રાહતનો માર્ગ મોકળો; ક્રેડિટ નોટની પ્રક્રિયા પણ સરળ બનશે

નિકાસના રિફંડ પરની ૩.૧,૦૦૦ની મર્યાદા દૂર; નાના વેપારીઓને મોટી રાહત મળશે

ગાંધીનગરઃ રાજ્યમાં નાના વેપારીઓ અને ઉદ્યોગકારો માટે જીએસટીની પ્રક્રિયા વધુ સરળ અને ઝડપી બનાવતા ગુજરાત જીએસટી સુધારા વિધેયકને વિધાનસભા ગૃહે પસાર કરી દીધું છે. સુધારાઓના અમલ બાદ નાના વેપારીઓને ફેસલેસ વ્યવસ્થા મારફતે માત્ર ત્રણ દિવસમાં જીએસટી નોંધણી અને પ્રમાણપત્ર મળી શકશે,

જ્યારે નિકાસકારોને ઈન્વર્ટેડ ડ્યુટી સ્ટ્રક્ચર હેઠળના રિફંડમાં અરજી કર્યા બાદ સાત દિવસમાં ૯૦ ટકા પ્રોવિઝનલ રિફંડ મળવાની જોગવાઈ કરવામાં આવી છે. સાથે જ વેચાણ પછીના ડિસ્કાઉન્ટ માટે ક્રેડિટ નોટ અને વેરાકીય રાહતની પ્રક્રિયા સરળ બનશે તથા નિકાસના રિફંડ માટેની રૂ.૧,૦૦૦ની લઘુતમ મર્યાદા પણ દૂર થશે.

નાણામંત્રી કનુભાઈ દેસાઈએ પદ્મી જીએસટી કાઉન્સિલની ભલામણોના આધારે કેન્દ્રના સુધારા સાથે સુસંગતતા જાળવી આ વિધેયક વિધાનસભા ગૃહમાં રજૂ કર્યું હતું.

નવા સુધારાથી વેચાણ બાદ આપવામાં આવતા ડિસ્કાઉન્ટ અંગે પણ વેપારીઓને રાહત મળશે. કલમ ૧૫(૩)(બી)માં કરાયેલા સુધારા હેઠળ વેચાણ પછીના ડિસ્કાઉન્ટને મૂળ કરાર સાથે જોડવાની શરત દૂર કરવામાં આવી છે. વેચનાર ક્રેડિટ નોટ જારી કરે અને ખરીદદાર તે ડિસ્કાઉન્ટ પર મેળવેલી વેરાશાખ પરત કરે તો વેચનાર ડિસ્કાઉન્ટની રકમ વેચાણ મૂલ્યમાંથી બાદ કરીને પોતાની વેરાકીય જવાબદારી ઘટાડી શકશે.

આથી અનુપાલનનો બોજ ઘટવાની સાથે અંતિમ ગ્રાહકને પણ લાભ મળવાની શક્યતા છે. નિકાસકારો માટે રિફંડની પ્રક્રિયામાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. હાલ રિફંડની અરજીના ૬૦ દિવસની અંદર રિફંડ ચૂકવવાની જોગવાઈ છે. નવા સુધારા હેઠળ ઈન્વર્ટેડ ડ્યુટી સ્ટ્રક્ચરને કારણે ઊભા થતા રિફંડના કિસ્સામાં અરજી કર્યા બાદ સાતમા દિવસે જ ૯૦ ટકા પ્રોવિઝનલ રિફંડ મળી શકશે. પરિણામે ઉદ્યોગકારોની કાર્યકારી મૂડી અટવાઈ રહેવાની સમસ્યા ઘટશે.

વેરાની ચુકવણી સાથે નિકાસ કરવામાં આવેલા માલના રિફંડના દાવામાં અત્યાર સુધી રૂ.૧,૦૦૦થી ઓછી રકમનું રિફંડ મળવાપાત્ર નહોતું. નવા સુધારા દ્વારા આ રૂ.૧,૦૦૦ની મર્યાદા દૂર કરવામાં આવી છે. હવે લાયકાત ધરાવતા નાના રિફંડના દાવા પણ ચૂકવી શકાશે.

દરમિયાન, 'જીએસટી ૨.૦' હેઠળ સામાન્ય નાગરિકોને રાહત આપતા વિવિધ વેરા દરોમાં પણ ફેરફાર કરવામાં આવ્યા હોવાનું નાણામંત્રીએ જણાવ્યું હતું. કેન્સર જેવી ગંભીર બીમારીની સારવારમાં વપરાતી દવાઓ, વ્યક્તિગત તબીબી વીમો તથા વ્યક્તિગત જીવન વીમાના પ્રીમિયમને જીએસટીમાંથી સંપૂર્ણ મુક્તિ આપવામાં આવી છે. બટર, ઘી, સાબુ, શેમ્પૂ, ખેતીના ટ્રેક્ટર અને તેના ભાગો, બિયારણ સાધનો, વિવિધ મશીનરી, સ્ટેશનરી, પાણીના રંગો તથા રમતગમતના સાધનો સહિતની વસ્તુઓ પર પણ વેરાના દરમાં ઘટાડો કરવામાં આવ્યો છે.

વેરાના દરોમાં રાહત આપવા છતાં રાજ્યની આવકનો વૃદ્ધિદર જળવાઈ રહ્યો હોવાનું જણાવતાં નાણામંત્રીએ ગુજરાતને દેશના 'ગ્રોથ એન્જિન' તરીકે વધુ મજબૂત બનાવવાની અને 'વિકસિત ભારત@૨૦૪૭'ના લક્ષ્યાંકને સાકાર કરવા 'વિકસિત ગુજરાત'ના વિઝનને આગળ ધપાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી

ભારતની ચૂંટણી વ્યવસ્થા વિશ્વ માટે ઉત્તમ ઉદાહરણ છે: જ્ઞાનેશ કુમાર

દેશમાં ૯૦ કરોડ મતદારોની ચૂંટણી ૧.૮ કરોડ કર્મચારીઓની જવાબદારી

મતદાર યાદીથી મત ગણતરી સુધી પારદર્શિતા પર ભાર; ૧૨ લાખ બીએલઓ ઘરે-ઘરે કરે છે યાદીની ચકાસણી

ઇવીએમ ઇન્ટરનેટ, વાઇ-ફાઇ કે બ્લૂટૂથ સાથે જોડાયેલું નથી; મોક પોલથી પરિણામ સુધી ઉમેદવારોના પ્રતિનિધિઓની હાજરી

ગાંધીનગરઃ આશરે ૯૦ કરોડ મતદારો અને ૧.૮ કરોડ ચૂંટણી કર્મચારીઓ સાથે ભારતમાં લોકસભાની ચૂંટણીનું આયોજન વિશ્વની સૌથી મોટી ચૂંટણી પ્રક્રિયા છે અને મતદાર યાદીની તૈયારીથી લઈને મતદાન તથા મતગણતરી સુધી દરેક તબક્કે પારદર્શિતા અને કાયદાકીય પ્રક્રિયાનું ચુસ્ત પાલન કરવામાં આવે છે, તેમ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન ખાતે 'ભારતમાં ચૂંટણી યોજવી-વિશ્વની સૌથી મોટી લોકશાહી' વિષય પર પ્રબુદ્ધ નાગરિકો સાથેના સંવાદમાં જણાવ્યું હતું.

મુખ્ય ચૂંટણી કમિશનરે જણાવ્યું હતું કે ભારતની ચૂંટણી પ્રક્રિયાના મુખ્ય ત્રણ તબક્કા મતદાર યાદીની તૈયારી, મતદાન અને મતગણતરી છે. આશરે ૧૨ લાખ બૂથ લેવલ ઓફિસર્સ ઘરે-ઘરે જઈ મતદાર યાદીની ચકાસણી કરે છે, ઈવીએમ ઇન્ટરનેટ, વાઇ-ફાઇ કે બ્લૂટૂથ સાથે જોડાયેલું નથી. મતદાન શરૂ થતાં પહેલાં ઉમેદવારોના પ્રતિનિધિઓની હાજરીમાં મોક પોલ કરવામાં આવે છે અને મશીન યોગ્ય રીતે કાર્યરત હોવાનું સુનિશ્ચિત થયા બાદ જ વાસ્તવિક મતદાન શરૂ થાય છે. મતદાન પૂર્ણ થયા બાદ ફોર્મ-૧૭સીમાં પડેલા કુલ મતોની નોંધ કરી ઈવીએમને નિર્ધારિત પ્રક્રિયા મુજબ સીલ કરવામાં આવે છે. મતગણતરી વખતે પણ કાઉન્ટિંગ એજન્ટ્સની હાજરીમાં પરિણામની ચકાસણી થાય છે. આ કાર્યક્રમ મુખ્ય ચૂંટણી કમિશનરની ગુજરાતની બે દિવસીય મુલાકાતનો ભાગ હતો. તેઓ ૧૦ અને ૧૧ સપ્ટેમ્બરે ગુજરાતમાં પ્રબુદ્ધ નાગરિકો, બૂથ લેવલ ઓફિસર્સ અને ઈલેક્ટોરલ લિટરસી ક્લબના સભ્યો સાથે સંવાદ કરી રહ્યા છે.

સુડોકુ, કૂટ

	૪							
૭	૫			૩	૪			
૯	૮	૩	૬	૧		૭		
૧				૫				
	૯		૮	૨	૧	૫	૭	
૩			૪		૬			૧
૫						૨	૮	૭
૮	૬	૭		૪	૨		૩	
	૩		૧				૫	

■ અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
■ દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
■ પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૬	૫	૨	૭	૭	૬	૭	૯	૯
૭	૯	૬	૯	૨	૫	૭	૬	૭
૭	૭	૯	૭	૬	૯	૨	૬	૫
૬	૭	૭	૬	૭	૨	૫	૯	૯
૯	૭	૫	૬	૯	૭	૬	૭	૨
૯	૨	૬	૯	૫	૭	૭	૭	૬
૨	૯	૭	૫	૬	૬	૯	૭	૭
૭	૬	૭	૨	૯	૯	૬	૫	૭
૫	૬	૯	૭	૭	૭	૨	૨	૬

૫૬૬૬-૭૬૭૭ ક્રિડ્રિ

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

જીર્ણ શિર શૂળ

આખા ઉડદ છોડા સહિત દળી લોટ કરો. રોજ સવારે તેમાંથી 20 ગ્રામ લોટનો શુદ્ધ ઘી અને ગોળ નાંખી શીરો બનાવી, ગરમ ખાવ. થોડા દિવસ પ્રયોગ કરવાથી જીર્ણ શૂળ પણ મટી જાય છે.

આજનું પંચાંગ

તા. 11/09/2026, શુક્રવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** શ્રાવણ
તિથિ: વદ : અમાવસ 08:57 પછી સુદ એકમ ભાદરવો
અયન : દક્ષિણાયન **ઋતુ :** શરદ
રાષ્ટ્રિય દિનાંક : ભાદરવા:20
યોગ : સાદય **કરણ:** કિંસ્તુઘ્ન
નક્ષત્ર :પૂ.ફા. : 13:17
રાશિ: સિંહ (મ.ટ.) 19:09 પછી કન્યા (પ.ઠ.ણ.)
દિવસ : અશુભ-જીવંતીકા પૂજન, શિવપૂજન સમાસ
સુરતમાં સૂર્યોદય : 06:26 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:45
નવકારસી : 07:14
પારસી વર્ષ : 1396 ફરવરદીન માસનો 28મો રોજ
મુસલમાન વર્ષ: 1448, રબિઉલ અવલ માસનો 28મો રોજ
દિવસનાં ચોઘડિયાં: ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ
રાત્રિનાં ચોઘડિયાં: રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
રાહુ કાળ : સવારે : 10.30થી 12:00 સુધી

મેષ (અ,લ,ઇ,): ભૂળકાળમાં કરેલા રોકાણ કે કામનું પરિણામ મળે. વિદ્યાર્થીઓનું પ્રદર્શન ઉત્તમ રહે. પ્રેમ-વિવાહમાં ધીરન રાખવી.
વૃષભ (બ,વ,ઉ,): સમયની ગતિ ધીમી લાગે માટે ધીરજપૂર્વક કાર્યને વળગી રહેવું. કોઇના કામમા દખલ કરવી નહી. પરિવારમા આનંદ રહે.
મિથુન (ક,છ,ઘ,): સાહિત્ય, સંગીત, કલા, નૃત્ય શિક્ષણ સાથે સંકળાયેલાને અચાનક તક મળે. કુટુંબ પરિવારના કામ અર્થે જીવનસાથીનો સાત.
કર્ક (ડ,હ,): આર્થિક લાભ થાય. કોઇ મહત્ત્વના કરાર થાય. પણ કોઇની વાતોમાં આર્થિક વ્યવહાર કરવા નહી. વાણી પર કાબુ રાખવો.
સિંહ (મ,ટ,): કૌટુંબિક સંબંધો મજબુત બને. વધુ પડતા આત્મવિશ્વાસમાં રહેવું નહી. સરકારી નોકરીયાતને